ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# જિલ્લા પંચાયતને પોતાના મકાન માટે જગ્યા ફાળવવા મુખ્યમંત્રી સમક્ષ રજુઆત

## જિલ્લા પ્રમુખ હીના પટેલે પત્ર લખી કરેલી રજુઆત : સકારાત્મક ઉકેલની આશા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયતને તેના પોતાના મકાન માટે ૫ હજાર ચો.મી. જગ્યા ફાળવવાની માંગ રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલને જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલે પત્ર લખીને કરી છે.

શ્રીમતિ હીના પટેલે તેમના આ પત્રમાં હાલનું આ મકાન તાલુકા પંચાયત માટેનું હોવાનું જણાવી પડી રહેલી મુશ્કેલીઓ અંગે મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું છે. તેમણે આ મુદ્દે અગાઉ સરકારમાં થયેલી રજુઆતો તેમજ સામાન્ય સભામાં પસાર થયેલા પ્રસ્તાવોની વિગતો પણ દર્શાવી હોવાનું જાણવા મળેલ છે.

અગાઉ રાજ્ય સરકારે આ બાબતને અગ્રતા આપી હતી પરંતુ પાછળથી આ મુદ્દો ફાઈલોમાં ધરબાઈ જવા પામ્યો હતો.

દહેગામમાં સેવા સદનના લોકાર્પણ પ્રસંગે જિલ્લાના પ્રશ્નો અંગે થયેલી ચર્ચાઓ દરમિયાન જિલ્લા પંચાયતના પોતાના મકાનનો મુદ્દો પણ છેડાયો હતો જે દરમિયાન રજુઆત મોકલી આપવા મુખ્યમંત્રીશ્રીના નિર્દેશો પછી શ્રીમતિ પટેલે આ પત્ર પાઠવ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગુજરાત વિધાનસભામાં અગાઉ સ્વ. મંગળદાસ પટેલે આ મુદ્દો ઉપસ્થિત કર્યો હતો ત્યારે તત્કાલીન મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે સકારાત્મક ઉકેલની ખાત્રી આપી હતી.

આ પછી તાજેતરમાં વિધાનસભાના સંપન્ન થયેલ અંદાજપત્ર સત્રમાં પંચાયત વિભાગની માંગણીઓ પરની ચર્ચા દરમિયાન કોંગીના ધારાસભ્ય શ્રી અમીત ચૌધરીએ પણ રજુઆત કરી હતી અને પંચાયતના રાજ્યમંત્રી શ્રી કવાડિયાએ ટુંક જ સમયમાં યોગ્ય ઉકેલ માટેની હૈયાધારણ રજુઆતના ઉત્તરમાં આપી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે વર્ગ-૧ ના અધિકારીઓ માટે જેટલી જગ્યાની ઓફિસ ફાળવવી જોઈએ તે પણ ફાળવી શકાતી નથી. આ ઉપરાંત રેકર્ડરૂમ કે પાર્કિંગની પણ પુરી વ્યવસ્થા નથી. પંચાયતની એક બે શાળાઓ તો ભાડાના મકાનમાં કાર્યરત છે.

શ્રીમતિ પટેલે રાજ્ય સરકાર આ મુદ્દે ઝડપથી નિર્ણય કરી અને જિલ્લાને ન્યાય મળશે તેવી આશા પણ પત્રમાં વ્યક્ત કરી છે.



હલ્દી-કંકુ - સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, સે. ૨૨ દ્વારા ઉજવાતા ગણેશોત્સવ મહોત્સવમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટે છે... મંગળવારે બપોરે મહિલાઓ માટે યોજાયેલ હલ્દી-કંકુ કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. આરતી શણગાર, શ્રીફળ શણગાર, ગરબા શણગાર ઉપરાંત ભજન સ્પર્ધા જેવી વૈવિધ્યપૂર્ણ સંપર્ધાઓમાં જ્યોતિ મહિલા મંડળના સભ્યોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જ્યારે બીજી તસવીરમાં જાણીતા હાસ્ય કલાકાર જીતુભાઈ દ્વારકાવાળાને પ્રચંડ પ્રતિસાદ સાંપડ્યો હતો.

# રોંગ સાઈડમાં ઘુસી આવેલા ટ્રકે કારને ટક્કર મારી : એકનું મૃત્યુ

## ટ્રકની ધડાકાભેર ટક્કરથી ઈકો કારના ફુરચા થઈ ગયા : કારના ચાલકનું કારમાં જ મૃત્યુ



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર-ઈન્દિરાબ્રીજ માર્ગ પર સ્થિત મધર ડેરીની સામે ભાટ ગામના બસ સ્ટેન્ડ પાસે રોંગ સાઈડમાં ઘુસી આવેલી ટ્રકને કારણે એક કાર ચાલક યુવાનનો જીવ ગયો છે. બેફામ ગતિએ રોંગ સાઈડમાં આવતી ટ્રકે ઈકો કારને ધડાકાભેર ટક્કર મારતા કારના ચાલક નરોડાના યુવાનનું કારમાં જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલીસે ટ્રકના ચાલક સામે મૃતકના કાકાની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી તેની શોધખોળ માટે તજવીજ શરુ કરી છે.

અમદાવાદના નરોડા ખાતે રહેતો યુવાન રાજેશ ડાહ્યાભાઈ પટેલ ગાંધીનગરથી અમદાવાદ તરફ જવાના માર્ગ પરથી ઈકો ગાડી લઈને ગઈ સાંજે જઈ રહ્યો હતો તે દરમિયાન તેને ગંભીર અકસ્માત નડયો હતો. કોબા ઈન્દીરાબ્રીજ માર્ગ પરથી તે પસાર થઈ રહ્યો હતો ત્યારે મધર ડેરીની સામેના માર્ગે ભાટ ગામની સીમમાં બસ સ્ટેન્ડ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં હવે સુધાર આવશે

## ૭૨ મહીલા લોકરક્ષક અને ૮૮ બિન હથિયારધારી જવાનોને નિમણૂંક અપાઈ : ઘટનો પ્રશ્ન હલ થયો : મંજૂર મહેકમ સમકક્ષ મેનપાવર ઉપલબ્ધ થશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ હવે વધુ મજબૂત બનશે. જિલ્લા પોલીસતંત્રને હવે મૂળ મંજૂર થયેલ મહેકમ મુજબ મેનપાવર ઉપલબ્ધ થશે. જિલ્લા પોલીસતંત્રમાં ૭૨ મહીલા લોકરક્ષક અને ૮૮ બિનહથિયારધારી જવાનોને નિમણૂંક આપી દેવાઈ છે. જ્યારે આગામી દિવસોમાં તાલીમના અંતે અન્ય લોકરક્ષકોની પણ ભરતી કરવામાં આવશે. અત્યાર સુધી પુરતા મહેકમના અભાવ વચ્ચે બંદોબસ્તમાં વ્યસ્ત રહેતા પોલીસતંત્રનો જરૂરી મેનપાવર ઉપલબ્ધ થતા પોલીસ પહેરો વધુ અસરકારક પુરવાર થશે.

ગાંધીનગર જિલ્લાની વસતી અને વિકાસની દૃષ્ટિએ પોલીસતંત્રમાં પુરતો મહેકમ ઉપલબ્ધ ન હોવાથી કાયદો અને વ્યવસ્થાની દૃષ્ટિએ અનેક પેચીદા પ્રશ્નો ઉભા થતા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો. જિલ્લા પોલીસતંત્રના મંજૂર મહેકમ સામે પર્યાપ્ત મેનપાવર ઉપલબ્ધ ન હોવાથી પ્રજા અને પોલીસ વચ્ચે સેતુરૂપ બની કામગીરી કરવાનું મુશ્કેલ બન્યું હતું. બીજીતરફ હવે પોલીસતંત્રના મહેકમમાં સુધાર આવતા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ વધુ મજબૂત બનશે. જિલ્લાના પોલીસ મહેકમમાં ૭૨ મહીલા લોકરક્ષક તેમજ ૮૮ બિન હથિયારધારી જવાનોને નિમણૂંક આપવામાં આવી છે. અત્યાર સુધી આ જવાનોને જૂનાગઢ પી.ટી.એમ. ખાતે તાલીમ આપવામાં આવી રહી હતી. જ્યારે તાલીમ પૂર્ણ થતા આ તમામને જિલ્લામાં નિમણૂંક આપી દેવાઈ છે. આ ઉપરાંત હજુ તાલીમ હેઠળ હોય તેવા જવાનોને પણ ટુંકમાં નિમણૂંક આપી દેવાશે. જેના પરિણામે હવે જિલ્લા પોલીસતંત્રમાં મહેકમની ઘટનો પ્રશ્ન હલ થશે.

# મુસાફરોની નજર ચુકવીને દાગીના સરકાવતી રીક્ષા ગેંગનો સાગરીત ઝડપાયો

## ૧૫ મહિના પહેલા એક પરિવારને ઘ-૫ થી સે-૨૦ તરફ લઈ જવા રિક્ષામાં મુસાફર તરીકે બેસાડીને કરાયેલી રૂ. ૨.૪૨ લાખની દાગીના ચોરીનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા. ૨

મુસાફર તરીકે રિક્ષામાં બેસાડીને મુસાફરની નજર ચુકવી કિંમતી સામાન કે દાગીના સેરવી લઈ ચોરી કરતી ગેંગનો એક સુત્રધાર ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગયો છે. ૧૫ મહિના પહેલા ઘ-૫ થી સે-૨૦ જવા માટે એક પરિવારને રિક્ષામાં બેસાડીને તેમની પાસેથી રૂ. ૨.૪૨ લાખના દાગીનાની કરેલી ચોરીનો ભેદ પણ આ શખ્સ પકડાઈ જવાથી ઉકેલાઈ જવા પામ્યો છે. તેના સાગરીતો સાથે મળીને આ ગુનો આચર્યો હોવાની કબુલાત આરોપીએ કરતાં તેની ધરપકડ કરી આરોપીને સે-૨૧ પોલીસ મથકે સોંપવામાં આવ્યો છે.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમના પીએસઆઈ આર.એન. વાઘેલા તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીને આધારે અમદાવાદ જઈ રિક્ષામાં પેસેન્જર તરીકે બેસાડીને નજર ચુકવી તક મળતા જ દાગીના સેરવી લેતી ગેંગના સુત્રધારને પકડી પાડયો છે. નારોલ પાસે રહેતા અફસર ઉર્ફે બાટલી જફરખાન પઠાણને ગાંધીનગર એલસીબી કચેરીએ લાવીને ઉંડી પુછપરછ કરતાં ૧૫ મહિના પહેલા થયેલી રૂ. ૨.૪૨ લાખના દાગીના ચોરીનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. એક પરિવારને ઘ-૫ થી રિક્ષામાં સે-૨૦માં લઈ જવા માટે બેસાડીને રસ્તામાં થેલાની આડશ કરી નજર ચુકવીને બેગમાંથી ૪ નંગ સોનાની બંગડી, એક વીંટી-બુટ્ટી સાથેનો સેટ, સોનાની કાનની સેરો, મંગળસુત્ર, ચાંદીની પગની પાયલ અને જુડો મળીને કુલ રૂ. ૨.૪૨ લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી તેણે તેના સાગરીતો સાથે મળીને કરી હોવાની કબુલાત કરી છે. એલસીબીએ તેની ધરપકડ કરી વધુ તપાસ માટે સે-૨૧ પોલીસને સોંપીને અન્ય સાગરીતોને પકડી પાડવા તજવીજ શરુ કરી છે.

# આજે એગ્રીટેક એશિયાનું ઉદઘાટન

## મહાત્મા મંદિર ખાતે આજથી ૩ દિવસ કૃષિ પાક વીમા વિષય પર ખાસ રાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે : કેન્દ્રીય કૃષિમંત્રીની વિશેષ ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, આવતીકાલે બુધવારે તા. ૩ સપ્ટેમ્બર ૨૦૧૪ના એગ્રીટેક એશિયા-૨૦૧૪ એક્ઝીબીશનનું મહાત્મા મંદિર ખાતે સવારે ૧૦ કલાકે ઉદઘાટન કરશે. કૃષિ મંત્રી બાબુભાઈ બોખીરીયા આ અવસરે ઉપસ્થિત રહેવાના છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫ના પૂર્વાધરૂપે તા. ૩ થી ૫ સપ્ટેમ્બર ૨૦૧૪ દરમ્યાન મહાત્મા મંદિરમાં અત્યાધુનિક કૃષિ તકનીક, પાક-પેદાશો, નવિનતમ શોધ સંશોધનોની જાણકારી આપતું આ પ્રદર્શન યોજવામાં આવ્યું છે. કેન્દ્રીય કૃષિમંત્રી રાધામોહનસિંહની વિશેષ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ગુરુવાર તા. ૪ સપ્ટેમ્બર કૃષિ પાક વીમા અંગેના રાષ્ટ્રીય પરિસંવાદનો પણ સવારે ૧૦:૩૦ કલાકે મહાત્મા મંદિરમાં પ્રારંભ કરાવશે. આ રાષ્ટ્રીય પરિસંવાદમાં કૃષિ પાક વીમા ક્ષેત્રે કાર્યરત બેન્કો, જાહેર સાહસોના તજજ્ઞો દ્વારા માર્ગદર્શક વ્યાખ્યાનો, ચર્ચાસત્રો અને જૂથ ચર્ચા દિવસ દરમ્યાન યોજાશે.

# સેન્સેકસ ૨૭૦૦૦ ભણી પરંતુ ૨૦૦૭ના કડાકામાં ઘાયલ શેર હજુ પથારીવશ

## રોકાણકારોના નાણાં હજુ પણ બહાર આવી શકયા નથી, ચુનંદા સ્ક્રીપ્ટ થકી જ વધતો સેન્સેકસ

ગાંધીનગર, તા. ૨

ભારતીય શેર બજારમાં હાલમાં ચાલી રહેલી તેજી કેટલાક રોકાણકારો માટે મૃગજળ સાબિત થઈ રહી છે. દેશના બે સ્ટોક એક્ષચેન્જ બીએસઈ અને એનએસઈ હાલમાં ઓલટાઈમ હાઈ તરફ જઈ રહ્યા છે. જેમાં સેન્સેકસ ૨૭૦૦૦ ભણી જયારે નીફટી ૮૦૦૦ ઉપર શેરમાં આવેલી તેજી થકી આવી ગયા છે. પરંતુ ૨૦૦૭માં લાલચોળ તેજી વખતે તમામ સેકટર્સના શેર તેના હોઈ ઉપર હતા ત્યાંથી કડાકા સાથે ધારાશાયી થયા હતા જે હાલની તેજીમાં પણ પથારી વશ જ રહ્યા છે જેથી રોકાણકારોને બહાર નીકળવાનો માર્ગ હજુ પણ મળ્યો નથી માટે આ રોકાણકારોની મોટી મુડી સલવાઈ રહેલી છે.

દેશના અર્થતંત્ર આધારિત તેમજ અન્ય પરિબળો થકી ચાલતા શેરબજારમાં ભારોબાર તેજી વર્તાઈ છે. જેમાં ચુનંદા સ્ક્રીપ્ટો તેની તેજીની ચાલમાં સેન્સેકસને ૨૭૦૦૦ તરફ તથા નીફટીને ૮૦૦૦ તરફ લઈ જવામાં સફળ રહ્યા છે. દેશની ચુંટણી પહેલા આ સેન્સેકસ લગભગ ૨૩૦૦૦ હતો જે ૧૨ ટકા જેવો વધ્યો છે. નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારમાં અર્થતંત્ર તેજીમાં તેમજ ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસના પગલાએ સેન્સેકસ ૨૭૦૦૦ તરફ પહોંચ્યો છે.

પરંતુ ૨૦૦૭માં ૨૧૦૦૦ના સેન્સેકસ વખતે ચાલેલી જોરદાર તેજીમાં રોકાણકારોએ પોતાની મુડી રોકેલ હતી જે સમયે આવેલી કડાકાની મંદીમાં ૧૪૦૦૦ સેન્સેકસ પહોંચતા રોકાણકારોની મુડીનું મોટા પાયે

● અનુસંધાન પાન-૭ પર

# ચિલોડા-હિંમતનગર માર્ગ પદયાત્રીઓથી છલકાયો

## સર્વત્ર ‘બોલ મારી અંબે’ અને ‘જય જય અંબે’ના નાદ ગુંજી રહ્યાં છે : સેવા કેન્દ્રો દ્વારા પદયાત્રીઓની સેવામાં અનેક સેવાભાવીઓના અવિરત કાર્યો



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૨

આગામી ભાદરવી પૂનમે જગતજનની મા જગદંબાના પ્રાગટ્ય દિને માતાના ચરણોમાં શીશ નમાવવા ચિલોડાથી હિંમતનગર નેશનલ હાઈવે પર માનવ મહેરામણ ઉમટ્યો છે. અંબાજી મોટી પૂનમના મેળામાં પગપાળા ચાલતા જવા શ્રદ્ધાળુઓના ટોળેટોળા અહીંથી ‘બોલ મારી અંબે, જય જય અંબે’ની ધૂમ મચાવતા અને ‘જય અંબે, જય જય અંબે’ની ધૂમ મચાવતા અને ‘જય અંબે’ના નારા લગાવતા જઈ રહ્યા છે. આ રોડ પર આ પદયાત્રીઓની સેવા માટે વિવિધ સેવાભાઈ ભક્તો દ્વારા સેવાકેન્દ્રો પણ ઠેર ઠેર જોવા મળી રહ્યા છે.

એક હાથમાં માતાજીની ધજા અને બીજા હાથે આવતા જતા દરેકને ‘જય અંબે’ કહેતા શ્રદ્ધાળુઓનો મહેરામણ સતત ચાલી રહ્યો છે. આ પદયાત્રીઓ તેમની સાથે અંબે મા ના શણગારેલા રથ પણ લઈને ચાલી રહ્યા છે. જેમાં સતત અંબે માની ભક્તિના ભજનો અને ગરબા વગાડવામાં આવે છે. જેના કારણે ભક્તિનો અનોખો માહોલ સર્જાઈ રહ્યો છે. પદયાત્રીઓના આ પ્રવાહને જોઈને આવતા જતા રાહદારીઓ અને વાહન ચાલકો પણ ઉત્સાહમાં આવીને જય

● અનુસંધાન પાન-૭ પર

સંસ્કૃતિ

અમને ગમે તેવા નહીં, તમને ગમે તેવા કાર્યક્રમ રજૂ કરતી
સંસ્કૃતિ સંસ્થા રજૂ કરે છે
‘રીમઝીમ બરસે સૂર...’.
હિન્દી ફિલ્મોના સુમધુર સમૂહગીત અને
યુગલ ગીત સાંભળવાનો લ્હાવો.
તારીખ : ૬-૯-૨૦૧૪ (શનિવાર), સમય : રાત્રીના ૯-૧૫ કલાકે.
સ્થળ : ટાઉન હોલ, ગાંધીનગર
સંસ્કૃતિ સંસ્થાના સભ્ય બનો અને આ તથા આવા સુંદર કાર્યક્રમો માણો.
સંપર્ક : (૧) કેપિટલ પ્રિન્ટોરીયમ, શ્રીનાથ કોમ્પલેક્ષ, સેકટર-૨૨, ગાંધીનગર. - ૯૮૨૫૦ ૩૮૩૭૮
(૨) શ્રી કમલેશ શાહ, ગ્રીનસીટી કુરીયર, ૧૩, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર, - ૯૯૭૮૮ ૮૩૪૬૬
(૩) શ્રી ગગુભા રાજ, પ્લોટ નં.૯૦૪/૧, સે.-૪/ડી, ગાંધીનગર - ૯૮૨૪૦ ૬૫૦૯૪
(૪) શ્રી પરાગ શુકલ, સેકટર-૪/સી, ગાંધીનગર - ૯૯૭૮૪ ૦૫૯૪૩
(૫) શ્રીમતી પરમજીતકૌર છાબડા, જીઈબી કોલોની, ગાંધીનગર - ૯૪૨૮૧ ૫૧૪૩૬
મનોજ શુકલ, મંત્રી, સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર
રમેશ પટેલ, પ્રમુખ, સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર
સંસ્થાનું સભ્ય પદ મેળવવા માટે બાજુમાં દર્શાવેલ સ્થળે અથવા મોબાઈલ નંબરથી સંપર્ક કરવાથી અથવા ઉપરોકત કાર્યક્રમના સ્થળેથી ફોર્મ મેળવી સભ્યપદ મેળવી શકાશે.
સભ્ય ફી કપલ દીઠ રૂ.૧૦૦૦/-
સમ્રાટ અશોક દવે · નીરજ પાઠક · ચિરાગ દેસાઈ · આનલ વસાવડા · નયના શર્મા
સૌજન્ય : કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી. સેકટર-૨૮, ગાંધીનગર.
કેપિટલ પ્રિન્ટોરીયમ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, શ્રીનાથ કોમ્પલેક્ષ, સેકટર-૨૨, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! · CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેકટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com